# જયપુરની સાયલાવાસ જેલ ખાતે કૂવાનું નવીનીકરણ અને પુનઃસ્થાપન

જયપુર, ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ : ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (એફઆઈએલ) તથા તેની સીએસઆર ભાગીદાર મુકુલ માધવ ફાઉન્ડેશન (એમએમએફ)એ રાજસ્થાનનાં દાઉસા જીલ્લામાં સ્થિત સ્પેશિયલ સેન્ટ્રલ જેલ સાયલાવાસ ખાતે એક કૂવાના નવીનીકરણ અને પુનઃસ્થાપનનું ગર્વભેર ઉદ્‌ઘાટન કર્યું. આ પહેલ તેના વ્યાપક સીએસઆર



પ્રયાસોનાં ભાગરૂપે ટકાઉ જળ વ્યવસ્થાપન અને સમુદાય સુખાકારી પ્રત્યે એફઆઈએલ-એમએમએફની અડગ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ ઉદ્‌ઘાટન સમારોહમાં રાજસ્થાનના જેલ વિભાગના ડિરેક્ટર ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ શ્રીમતી મોનિકા અગ્રવાલ જી, શ્રી શૌરભ સ્વામી (એસપી જેલ) અને શ્રી રાજેશ દુકિયા (જેલર) તેમજ લવકુશ ગુર્જર (ઈન્ડસ્ટ્રી ઈનચાર્જ, જેલ) સહિત પ્રતિષ્ઠિત મહાનુભાવોએ હાજરી આપી હતી. એફઆઈએલ અને એમએમએફનું પ્રતિનિધિત્વ પશ્ચિમ ઝોનના સેલ્સ હેડ શ્રી ચિરાગ પગધર, સેલ્સ હેડ શ્રી નીતિન જૈન, જયપુર સેલ્સ હેડ શ્રી આશિષ શર્મા, ડોસાના ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના રિટેલર શ્રી પંકજ ખંડેલવાલ, શ્રી હેમંત ચતુર્વેદી અને એમએમએફના પ્રતિનિધિ શ્રી નીતુલ બારોટે કર્યું હતું.